# નોટીશ

Date :- 09-10-2023

આથી કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓના હિતાર્થે જણાવવાનું કે રાજ્ય સરકાર હસ્તકની બે શિષ્યવૃત્તિ યોજનાઓ

1) **PRIME MINISTERS SCHOLERSHIP SCHEME(PMSS) 2023-24**

ઉક્ત શિષ્યવૃત્તિનો લાભ આતંકવાદી હુમલામાં શહીદ થયેલ પોલીસ કર્મીઓના પુત્ર/પુત્રીઓને જ મળવા પાત્ર છે.

2) **"SWAYAM CERTIFICATE શિષ્યવૃત્તિ યોજના"**

ઉક્ત યોજનાનો લાભ **"SWAYAM PORTAL"** પર ઓનલાઈન કોર્ષ કરનાર વિધાર્થીઓને ભરેલી ફી વળતર તરીકે મળવા પાત્ર છે.

ઉક્ત બંન્ને યોજનાઓનો લાભ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓને આ બન્ને યોજનાઓની વિગતે માહિતી અને પરિપત્ર અત્રેની સંસ્થાના નોટીશ બોર્ડ તેમજ વેબસાઈટ પરથી પ્રાપ્ત થઈ જશે.

આ યોજનાઓ સંદર્ભે અન્ય કોઈ માર્ગદર્શન કે સહાયની જરૂરિયાત હોય તો અત્રેની સંસ્થાના પી.ટી.આઈ. શ્રી મનન કલોલા તેમજ લાઈબ્રેરિયન ડો. નમ્રતાબેન જોશીનો સંપર્ક કરવો.

K. Meenu

આચાર્ય
કવિશ્રી દાદ સરકારી વિ. અને વા. કોલેજ,
પડધરી, જિ. રાજકોટ.

Scanned with CamScan

**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,**
શિષ્યવૃત્તિ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

જા.નંબર : હ-૨/સ્કો/૨૦૨૩/૮૩૮ તા.૩૦/૦૯/૨૦૨૩

પ્રતિ,
રજિસ્ટ્રારશ્રી, તમામ સરકારી અને સ્વનિર્ભર યુનિવર્સિટી,
આચાર્યશ્રી, તમામ સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો,
જિ. તમામ, ગુજરાત.

વિષય: PRIME MINISTER'S SCHOLARSHIP SCHEME (PMSS) for The Academic Year 2023-24.
સંદર્ભ: Welfare & Rehabilitation Board, Ministry of Home Affairs, New Delhiનો પત્રક્રમાંક: WARB-44/PMSS/2023-24/1157-60, તા. ૨૫/૦૯/૨૦૨૩નો પત્ર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારત સરકારની શિષ્યવૃત્તિ યોજના "Prime Minister's Scholarship Scheme" (PMSS) વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના આતંકવાદી/નક્સલી હુમલા દરમિયાન શહીદ થયેલા પોલિસ કર્મચારીઓના વોર્ડ માટે નેશનલ સ્કોલરશીપ પોર્ટલ (NSP 2.0) પર કાર્યરત છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે તા.૦૧/૧૦/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન ઓનલાઇન અરજી કરવા માટે ઉક્ત પોર્ટલ ખોલવાનો નિર્ણય કરેલ છે.

હાલની યોજનામાં આતંકવાદ/ નક્સલી હુમલા દરમિયાન શહિદ થયેલા વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના પોલિસ કર્મચારીઓના કુલ ૫૦૦ વિદ્યાર્થીઓને (૨૫૦ છોકરાઓ & ૨૫૦ છોકરીઓ) શિષ્યવૃત્તિ મંજુર કરવામાં આવશે. ઉક્ત યોજના હેઠળ ઓનલાઇન અરજી કરનાર ફ્રેશ/રિન્યુઅલ વિદ્યાર્થીઓને દરેક છોકરી દીઠ રૂ.૩૬,૦૦૦/- અને દરેક છોકરા દીઠ રૂ.૩૦,૦૦૦/- નાણાકીય સહાય આપવામાં આવશે. ઉક્ત યોજનાની વ્યાપક પ્રસિદ્ધિ કરવા આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા વિનતી છે. તેમજ તમામ યુનિવર્સિટીને આપના હસ્તકની કોલેજોને સુચના આપવા વિનંતી છે. યોજનાની ગાઇડલાઇન આ સાથે સામેલ રાખેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

બિડાણ – ઉપર મુજબ.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

9/10/23

Scanned by CamScanner

Scanned with CamScan

| |


**KNOWLEDGE CONSORTIUM OF GUJARAT**

**Department of Education**

**Near Gujarat University, Navarangpura,**

**Ahmedabad-380015, Gujarat**

**Email : kcgextension@gmail.com**


G20

वसुधैव कुटुम्बकम्

ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

No: KCG/SWAYAM/College/2023/1325 Date: 22/09/2023

પ્રતિ,

આચાર્યશ્રી,

ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણની સરકારી કોલેજો

ગુજરાત રાજ્ય

વિષય: "SWAYAM Certificate શિષ્યવૃતિ યોજના" બાબત

શ્રીમાન,

SWAYAM (Study Webs of Active-Learning for Young Aspiring Minds) એ ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ એક કાર્યક્રમ છે અને શિક્ષણ નીતિના ત્રણ મુખ્ય સિદ્ધાંતો જેમ કે ઍક્સેસ, ઇક્વિટી અને ગુણવત્તા પ્રાપ્ત કરવા માટે રચાયેલ છે. આ પ્રયાસનો ઉદ્દેશ્ય સૌથી વધુ વંચિતો સહિત, સર્વશ્રેષ્ઠ શિક્ષણ સંસાધનોને બધા સુધી પહોંચાડવાનો છે. SWAYAM એવા વિદ્યાર્થીઓ માટે ડિજિટલ વિભાજનને દૂર કરવાનો પ્રયાસ કરે છે જેઓ અત્યાર સુધી ડિજિટલ ક્રાંતિથી દુર રહ્યા છે અને જ્ઞાન અર્થતંત્રની મુખ્ય પ્રવાહમાં જોડાઈ શક્યા નથી. આ એક પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવે છે જે વર્ગ ૯ થી પોસ્ટ-ગ્રેજ્યુએશન સુધીના વર્ગખંડોમાં ભણાવવામાં આવતા તમામ અભ્યાસક્રમોના હોસ્ટિંગની સુવિધા આપે છે, જે કોઈપણ દ્વારા કોઈપણ સમયે, ગમે ત્યાં ઍક્સેસ કરી શકાય છે. તમામ અભ્યાસક્રમો ઇન્ટરેક્ટિવ છે. સ્વયમ પર આયોજિત અભ્યાસક્રમો 4 Quarterમાં વિભાજીત કરવામાં આવેલ છે - (1) video lecture, (2) specially prepared reading material that can be downloaded/printed (3) self-assessment tests through tests and quizzes and (4) an online discussion forum for clearing the doubts.

રાજ્યની ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ હેઠળની સંસ્થાઓ ખાતે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ભારત સરકારના SWAYAM-NPTEL કાર્યક્રમ હેઠળ ચાલતા પ્રોગ્રામો કરવા માટે પ્રેરાય અને વિદ્યાર્થીઓ SWAYAM-NPTELના માધ્યમ થકી વિવિધ સર્ટીફીકેટ પ્રોગ્રામ પાસ કરે તે માટે પોર્ટલ પરથી ફ્રી લર્નિંગ કોર્સ કર્યા બાદ કોર્સ સર્ટિફિકેટ મેળવવા પરીક્ષા ફી અન્વયે ૧૦૦% સહાય આપવા STEM અને બિઝનેસ એજ્યુકેશનના પ્રોત્સાહન માટે "SWAYAM Certificate શિષ્યવૃત્તિ યોજના"ની ૨૦૨૩-૨૪ના વર્ષમાં નવી બાબત તરીકે મંજુર કરવામાં આવેલ છે.

SWAYAM Certificate શિષ્યવૃતિ આપવા માટે વિદ્યાર્થીઓની પસંદગી અંગેના ધારા ધોરણો:

1. રાજ્યમાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ હેઠળની સરકારી કોલેજો ખાતે અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લઇ શકશે.
2. SWAYAM Certificate કોર્ષની પસંદગી વખતે વર્તમાન સંજોગો, ભવિષ્યમાં આવનાર અત્યાધુનિક તકનીક અનુલક્ષીને તથા વિદ્યાર્થીને રોજગારમાં મદદરૂપ નીવડે તેવા કોર્સની પસંદગીને પ્રાધાન્ય આપવાનું રહેશે.

9/10/23

Scanned with CamScanner

3. SWAYAM Certificate યોજના હેઠળ વિદ્યાર્થીઓએ કોર્સની દરખાસ્ત નિયત ફોર્મેટમાં કોલેજના પ્રિન્સિપાલના સહી/સિક્કા સાથે સબમીટ કરવાની રહેશે અને કોલેજના પ્રિન્સિપાલે તમામ પ્રાપ્ત થયેલ દરખાસ્તની ચકાસણી કરી કેસીજી કચેરીને મોકલવાની રહેશે.
4. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ દરખાસ્તની ભલામણ કોલેજે કેસીજી કચેરીની એપેક્ષ કમિટી સમક્ષ રજૂ કરવાની રહેશે.
5. વિદ્યાર્થીઓએ કોર્સ પૂર્ણ થયા બાદ કોર્સ ફીની રીસીપ્ટ, કોર્ષ સર્ટીફીકેટ વગેરેની ચકાસણી કરીને પછી કોલેજના પ્રિન્સિપાલે કેસીજી કચેરીને સંબંધિત વિદ્યાર્થીઓને ચુકવણા કરવા માટેની પ્રમાણિત યાદી મોકલવાની રહેશે.
6. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓની ચુકવણાની યાદીની ચકાસણી કરીને આ અનુદાનમાંથી કેસીજી કચેરીને મોકલવાની રહેશે તે મુજબ કેસીજી કચેરીની એપેક્ષ કમિટીની મંજુરી મળ્યા બાદ વિદ્યાર્થીને બેંકમાં DBT મારફત વિદ્યાર્થીઓને ચુકવણું કરવામાં આવશે.
7. વિદ્યાર્થીઓએ SWAYAM Certificate કોર્સનો ક્રેડિટ સ્કોર એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સ (ABC) પર જમા કરવાની રહેશે
8. વિદ્યાર્થીઓએ તેમની દરખાસ્તમાં દર્શાવેલ સૂચિત સમયમર્યાદામાં અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે, જો વિદ્યાર્થીઓ તેને સૂચિત સમયરેખામાં પૂર્ણ કરવામાં સક્ષમ ન હોય તો કેસીજી દ્વારા કોઈપણ પ્રકારની ફી નું ચુકવણું કરવામાં આવશે નહિ.
9. જો વિદ્યાર્થીઓ અભ્યાસક્રમો પૂર્ણ કરતા નથી અથવા KCGને કોલેજ મારફત પ્રમાણપત્ર સબમીટ કરતા નથી, કેસીજી દ્વારા કોઈપણ પ્રકારની ફીનું ચુકવણું કરવામાં આવશે નહિ

પી.બી.પંડયા(IAS)
નિયામક, ઉચ્ચ શિક્ષણ અને
સીઈઓ, કેસીજી

બિડાણ:

- Proposal Form for Student
- Reimbursement Form for College

જાણ સારું,

- ડૉ. યોગેશ યાદવ, ઓએસડી(એક્સ્ટેન્શન), કેસીજી, અમદાવાદ

Scanned with CamScan